# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- લોકસભાની ચૂંટણી માટેના ઉમેદવારી ફોર્મની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઇ છે ..સોમવારે ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.
- કેન્દ્રિય મંત્રી નિર્મલા સિતારમણે અમદાવાદમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે છેલ્લા 10 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દાહોદમાં જનસાભામાં કહ્યું કે આગામી સમયમાં દેશને વિશ્વમાં ત્રીજા ક્રમે લાવવા પ્રધાનમંત્રીએ કમર કસી છે.
- લોકસભાની ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- છેલ્લા બે દિવસની હિટવેવની સ્થિતિ બાદ ગરમીમાંથી રાજ્યના લોકોને મળી રાહત .. તાપમાનનો પારો એકંદરે ચાળીસ ડિગ્રીની નીચે ગયો .. સૌથી વધુ અમરેલીમાં 39.4 ડિગ્રી જ્યારે અમદાવાદમાં 37.6 ડીગ્રી નોંધાયું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# UMEDVARI FORM

રાજ્યમાં લોકસભાની ચૂંટણી સાતમી મેનારોજ યોજાનારી છે..

26 બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ગઇકાલે ઉમેદવારી પત્ર ભરવાની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ આજે ફોર્મની ચકાસણી થઇ હતી, જેમાં મળી રહેલા અહેવાલો અનુસાર પાટણ બેઠકમાં ઉમેદવારી પત્રની ચકાસણી પ્રક્રિયા દરમિયાન તમામ 11 ઉમેદવારોના ફોર્મ માન્ય જાહેર થયા છે.

આ ઉપરાંત સાબરકાંઠા બેઠક માટે 17 ફોર્મ માન્ય ઠર્યા હતા અહીં એક અપક્ષ ઉમેદવારો ઉમેદવારી પરત ખેંચી હતી..

જૂનાગઢ લોકસભા બેઠક ઉપર આજે ફોર્મ ચકાસણી બાદ 22 ઉમેદવારો મેદાને રહ્યા છે. કુલ 26 નામાંકનપત્રો રજૂ થયા હતા, જે પૈકી 4 ફોર્મ રદ્દ થતા હવે 22 ઉમેદવારો રહ્યા છે.

ભાવનગર લોકસભાની બેઠકની ચૂંટણી માટે આજે ફોર્મ ચકાસણી બાદ ઉમેદવારોના 13 ફોર્મ માન્ય રહ્યા હતા, જ્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેદભાઈ મકવાણા ને એફિડેવિટમાં વિસંગતતાના કારણે જવાબ આપવા આવતીકાલે સવારે 11 વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. જ્યારે વલસાડમાં સાત ઉમેદવારી ફોર્મ માન્ય રહ્યાં છે..

જ્યારે છોટાઉદેપુર લોકસભા બેઠક પર 13 ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા છે.

.................

**BJP..NIRMALA**

કેન્દ્રિય મંત્રી નિર્મલા સિતારમણે અમદાવાદમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે  છેલ્લા 10 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે, ગરીબ તેમજ વંચિતો માટે સરકાર કાર્ય કરી રહી છે. દેશના નાગરિકોને સશક્ત અને સક્ષમ  કરવા સરકારની કટિબધ્ધતાને તેમણે દોહરાવી હતી. મફત ગેસ કનેક્શન, અનાજની સુવિધા, હર ઘર જળની સરકારની પ્રજાલક્ષી યોજનાઓને તેમણે સરકારની ઉપલબ્ધિ તરીકે વર્ણવી હતી.

------------

## GCCI – NIRMALA SITARAMAN

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એડ ઇન્ડસ્ટ્રીઝના ઉપક્રમે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને  WIRC ઓફ ICAI અમદાવાદ ચેપ્ટર સાથે વિકસિત ભારત @ 2047” વિષય પર સંવાદ સાધ્યો હતો..

કેન્દ્રીય મંત્રીએ 2047 સુધીમાં "વિકસીત ભારત"ને સાકાર કરવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે પોતાના વકતવ્યમાં ગુજરાતની સિધ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે વિદેશી રોકાણ, PLI જેવી પ્રગતિશીલ નીતિઓને આગળ વધારવામાં ગુજરાતની મહત્ત્વની ભૂમિકા છે અને કાપડ, સેમિકન્ડક્ટર્સ, કેમિકલ્સ  અને એરોસ્પેસમાં ગુજરાતની  સફળતાનો ઉલ્લેખ કર્યો હતો.

ગુજરાત રાજ્ય  પાંચ ટકાની  વસ્તી ધરાવતું રાજ્ય છે પરંતુ નેશનલ જીડીપીમાં ૮.૩% થી વધુ યોગદાન આપે છે તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો..

. . . . . . . . . . . . . . . . . .

## CM DAHOD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દાહોદના ફતેપુરા ખાતે ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાંભોરના પ્રચાર માટે જનસભાને સંબોધી હતી.. તેમણે કહ્યું હતું કે  આરોગ્ય ક્ષેત્ર હોય કે કૃષિ ક્ષેત્રે તમામમાં મોદીની ગેરંટીને કારણે આજે દેશ વિકસિત બની રહ્યો છે.. તેમણે કહ્યું હતું કે આગામી સમયમાં દેશને વિશ્વમાં ત્રીજા ક્રમે લાવવા પ્રધાનમંત્રીએ કમર કસી છે. જ્યારે જશંવંતસિંહ ભાંભોરે કોંગ્રેસ ઉપર દાહોદને વિકાસના કોઇ લાભ ન આપીને તેને પછાત રાખવાનો આરોપ લગાવ્યો હતો...

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે અમદાવાદમાં બહેરામપુરામાં મોદી પરિવાર સભામાં  ઉપસ્થિત રહેશે.

-------------------

## SURAT- NILESH KUMBHANI

સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ઉમેદવારી પત્રની ચકાસણીમાં વિવાદ સર્જાતા આવતીકાલે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નિર્ણય જાહેર કરાશે.

આ અંગે કોંગ્રેસના પ્રવક્તા મનીશ દોશી વધુ માહિતી આપે છે..

(બાઇટ- મનીશ દોશી)

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.........................................

## SHRAMYOGI - MATDAN

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી અને ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીમાં શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે રજા આપવા રાજ્યના શ્રમ આયુક્તની અખબારી યાદીમાં જણાવાયું છે. જેમાં મતદાનના દિવસે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ હેઠળ નોંધાયેલી દુકાનો અને વાણિજ્યિક સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે રજા મંજુર કરવાની રહેશે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે રાજસ્થાનમાં 26 એપ્રિલે, મધ્યપ્રદેશમાં 13મી મે એ, મહારાષ્ટ્રમાં 13મે અને 20મેના રોજ ચૂંટણી યોજાવાની છે, ત્યારે ગુજરાતમાં રહેતા ત્રણેય જિલ્લાના વતનીઓને મતદાન માટે ખાસ રજા આપવા સૂચના અપાઇ છે.

....................................

## MEHSANA -  ELECTION

મહેસાણા લોકસભા બેઠકમાં સાત વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે, જેમાં ખેરાલુ, ઉંઝા, વીસનગર, બેચરાજી, કડી, મહેસાણા, અને વીજાપુર નો સમાવેશ થાય છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા મહેસાણા જીલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી.....

**(બાઇટ- જયંતી ચૌધરી, મહેસાણા )**

. . . . . . . . . . . . .

## MATDAN JAGRUTI-DISTRICT  -1

આગામી લોકસભાની ચૂંટણીમાં લોકોમાં મતદાન અંગે જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તે હેતુસર ઠેરઠેર વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

આજે કચ્છ જિલ્લામાં સ્વીપ અંતર્ગત મતદાન જાગૃતિ અંગે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વેગવંતુ કરવામાં આવ્યું. જેમાં શાળાના શિક્ષકોએ મતદારોને ઝીણવટભરી માહિતી આપી મતદાનનું મહત્વ સમજાવ્યું હતું.

નોંધનીય છે કે મતદાનની ઓછી ટકાવારી ધરાવતા જિલ્લાના અબડાસા, રાપર અને ગાંધીધામ વિસ્તારોના આવી પ્રવૃત્તિઓ વધુ સઘન બનાવાવમાં આવી રહી છે.

અમદાવાદ શહેરની સરકારી પી.આર. ટ્રેનિંગ કોલેજ દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત મતદાન શપથ, સિગ્નેચર અભિયાન તેમજ ભવ્ય મતદાર જાગૃતિ રેલી યોજી હતી. આ પ્રસંગે કોલેજના પ્રથમ વખત મતદાન કરનાર તાલીમાર્થીઓએ 714 નાગરિકોને અવશ્ય મતદાન કરવાના શપથ પણ લેવડાવ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં યુવા મતદારોને જાગૃત કરવા સ્વીપ અંતર્ગત જિલ્લાની જુદી જુદી કોલેજોમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાયા. જેમાં વઢવાણની એમ.પી.શાહ કોલેજ ખાતે હું અવશ્ય મતદાન કરીશ ના શપથ લેવામાં આવ્યા. તો આર.પી.પી.ગર્લ્સ હાઇસ્કુલમાં પ્રથમવાર મતદાન કરનાર યુવતીઓએ સિગ્નેચર કેમ્પેઇનમાં જોશભેર ભાગ લીધો હતો.

..2..

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી લોકસભા બેઠકના નોંધાયેલા દિવ્યાંગ મતદારો માટે દિવ્યાંગજન મતદાન જાગૃતિ અભિયાન - 2024 હેઠળ તેમને મતદાન મથક સુધી લઇ જવા તેમજ મતદાન પ્રક્રિયાની જાણકારી આપવાની ડી.એન.એચ. સ્કાઉટ એન્ડ ગાઇડ ફેલોશીપ દ્વારા પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી.

---------

## ELECTION_INK

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતેથી આજે નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી રિદ્ધિ શુક્લાએ અવિલોપ્ય શાહીના મહત્વ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણીમાં મતદાનના દિવસે મતદારની ડાબી આંગળી પર મતદાન પહેલાં ચિહ્નિત કરવામાં આવતી અવિલોપ્ય શાહી સરળતાથી દૂર કરી શકાતી નથી અને તેનો હેતુ મતદાર દ્વારા ડબલ અને બોગસ મતદાન અટકાવવાનો છે.

--------------

## WEATHER

રાજ્યમાં છેલ્લા સપ્તાહથી ગરમીનો પારો સતત ઉંચે જઇ રહ્યો હતો અને હિટવેવની સ્થિતિ સર્જાઇ ગઇ હતી પરંતુ ગઇકાલથી ગરમીનો પારો

નીચે જઇ રહ્યો છે.. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર એકંદરે રાજ્યભરમાં પારો ચાળીસ ડિગ્રીની નીચે ગયો છે.. જોકે અમરેલીમાં સૌથી વધુ 39.4 ડીગ્રી નોંધાઇ છે જ્યારે અમદાવાદમાં પારો સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી ઘટીને 37.6 ડીગ્રી રહ્યું હતું..

------------

## TALGAJARADA HANUMANT MAHOTSAV

ભાવનગરના તલગાજરડા ગામ ખાતે હનુમાન જન્મોત્સવની ઉજવણી આવતીકાલે રવિવારથી શરૂ થશે...રામકથાકાર મોરારીબાપુ દ્વારા આયોજીત સતત 47 માં વર્ષે ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે હનુમાનજીને સંગીતાંજલી ત્રણ દિવસ ચાલશે.

21 એપ્રિલને રવિવારે રાત્રે દિલ્હી સ્થિત સુપ્રસિદ્ધ બાંસુરીવાદક પંડિત રાજેન્દ્ર પ્રસન્ના દ્વારા બાંસુરી વાદનની પ્રસ્તુતિ થશે. જ્યારે પુના સ્થિત પદ્મશ્રી વિજય ઘાટે દ્વારા તબલાવાદનની હનુમાનજીની પ્રતિમા સમક્ષ પ્રસ્તુતિ થશે.22 ને સોમવારે પદ્મા તલવલકર દ્વારા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ થશે. મંગળવારે હનુમાનજીની જન્મ જયંતીએ સવારના ભાગે નૃત્ય વંદના પ્રસ્તત થશે..જ્યારે વિદ્યા ક્ષેત્રના વિવિધ એવોર્ડ એનાયત થશે.

--------------------

# DAMAN - SAFAI ABHIYAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દમણગંગા નદીના પટ પાસે આવેલા ખારવાડ વોર્ડનંબર- ૩ માં મેન્ગ્રોવ સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. દમણ નગરપાલિકા અને રોટરી ક્લબ ઓફ દમણના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ સફાઇ અભિયાનમાં લગભગ 4 ક્વીન્ટલ કચરો એકત્રિત કરીને નિકાલ કરવામાં આવ્યો.

.................................